ગાંધીનગર સમાચાર



# બજારમાં દાબેલી, સેન્ડવીચ, વડાપાઉં આરોગતા ચેતજો..!

ગાંધીનગર, તા. ૩૧

બજારમાં દાબેલી-વડાપાઉની લારીઓ તથા



દુકાનોમાં નાસ્તો આરોગતા ચેતજો..! તમને પીરસાઈ રહેલી દાબેલી કે વડાપાઉં-સેન્ડવીચ વાસી તો નથી ને..? કેમ કે તમને તો શુ કદાચ પાઉં-બ્રેડ વેચતા તે બેકરીવાળાને પણ ખ્યાલ નહી આવે કે આ પાઉં-બ્રેડ કેટલી જુની છે. કેમ કે બજારમાં કેટલીક એવી બેકરીઓના પાઉ-બ્રેડનું બેરોકટોક ધૂમ વેચાણ થઈ રહ્યું છે. જેમાં કોઈપણ પ્રકારની બ્રાન્ડ કે મેન્યુફેક્ચરીંગ તારીખ સુદ્ધા પણ અંકિત કરવામાં આવતી નથી.

**કોઈપણ બ્રાન્ડ કે મેન્યુફેક્ચરીંગ ડેટ વગર જ બેરોકટોક બેકરી આઈટમ બ્રેડ-પાઉં બજારમાં વેચાય છે : આરોગ્ય સાથે ચેંડા કરતી આ બેનામી કંપનીઓ બિન્દાસ્ત કાયદાની ઐસી કી તૈસી કરે છે : સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી..!**

ચોંકાવનારી વિગત તો એ છે કે અત્યંત સંવેદનશીલ કહી શકાય તેવી આરોગ્યને સ્પર્શતી બાબતમાં પણ ચેકીંગ કરવામાં તંત્ર ઉણુ ઉતર્યું છે. કાયદાની ઐસી કી તૈસી કરીને આવી આઈટમનું બેફામ વેચાણ કરતી બેકરીઓ પર રોક નહી લાગે તો કેટલાયનાં આરોગ્ય સામે તો કેટલાક સંજોગોમાં જીવ સામે પણ ખતરો મંડરાયેલો રહેશે તેમાં કોઈ બે મન નથી..!

● અનુસંધાન પાન-૭ પર



**ગુરૂપૂજન** - સમદર્શન આશ્રમ ખાતે ભાવિકોએ ગુરૂવંદના કર્યા બાદ પૂજ્ય ગુરૂમાએ આશીર્વચન પાઠવ્યા હતા... (તસવીર : દિપક જાની)

# પોલીસતંત્રમાં બઢતી બદલીની પ્રક્રિયાઓ વિલંબમાં પડી

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યના પોલીસતંત્રમાં બઢતી બદલીની પ્રક્રિયાઓ વિલંબમાં પડવા પામી છે. હવે આગામી એક સપ્તાહ બાદ પ્રક્રિયાઓ હાથ ધરાઈ તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ડી.વાય.એસ.પી. સંવર્ગની ઘણી જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. આ જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હતી.

પી.આઈ.માંથી ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવા માટેની ડી.પી.સી.ની બેઠક પણ મળી ગઈ છે. અને પ્રક્રિયાઓ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં નુકશાનના અંદાજો વધી રહ્યા છે

## પશુ મૃત્યુમાં પાંચનો વધારો : ૩૫૦ કાચા મકાનોને અંશતઃ નુકસાન તો ૫૫ કાચા મકાનો સંપૂર્ણ રીતે નાશ પામ્યા છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં વરસાદની હેલી બાદ થયેલી ખુવારી અંગે સર્વેલન્સની કામગીરી જેમ જેમ આગળ વધતી જાય છે તેમ તેમ ચોંકાવનારી હકીકતો બહાર આવી રહી છે.

જિલ્લામાં વરસાદને પગલે પશુઓના મૃત્યુનો આંક વધીને ૧૨ થયો છે, જ્યારે ૫૫ જેટલા કાચા મકાનો સંપૂર્ણ નાશ પામ્યા છે. આ ઉપરાંત કલોલ શહેરમાં એક ઝુંપડુ નાશ પામ્યું છે.

આ વરસાદમાં અંશતઃ નુકશાન પામેલા મકાનોની સંખ્યા વધતી જાય છે. ૩૫૦ જેટલા કાચા મકાનોને નુકશાન થયું છે. જેમાં સૌથી વધુ માણસા તાલુકામાં નુકશાન થયું છે. કલોલમાં ૮૩ કાચા મકાનોને નુકશાન થયુ છે. ગાંધીનગરમાં ૫૬ અને દહેગામમાં ૫૯ કાચા મકાનોને નુકશાન થયું છે.

જિલ્લામાં ૨૦ જેટલા પાકા મકાનોને પણ અંશતઃ નુકશાન થવા પામ્યું છે. આ ઉપરાંત ૩૩ ઝુંપડાઓને પણ અંશતઃ નુકશાન થયાના અહેવાલો મળ્યા છે.

તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી ઉપરાંત સફાઈની કામગીરી પર પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. જિલ્લામાં ૨૫૦થી વધુ સફાઈ માટેની ટીમો કાર્યરત કરવામાં આવી છે. આ ટીમોમાં ૧૦ જે.સી.બી., ૨૮ ટ્રેક્ટર, ૩ ડમ્પર, ૪ છોટાહાથી સહિતના સાધનો ઉપરાંત મજૂરો છે. દહેગામ અને માણસાના શહેરી વિસ્તારમાં ટીમો સફાઈ માટે વધુ કાર્યરત કરવામાં આવેલ છે.

જિલ્લામાં થયેલા ભારે વરસાદને પગલે રાજ્યના સાત મુખ્ય રસ્તાઓ જે દહેગામ અને ગાંધીનગર તાલુકામાંથી પસાર થાય છે તેની દુરસ્તીનું કામ ગતિમાં છે.




# વન વિભાગ દ્વારા જિલ્લામાં ૫૭૭ હેકટરમાં ૭ લાખ રોપાઓનુ વાવેતર

## આગામી દિવસોમાં અન્ય ૬૪૦ હેકટરમાં વાવેતર કરવામાં આવશે

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર જિલ્લામાં વરસાદી ઋતુ દરમિયાન અત્યાર સુધી ૫૭૭ હેકટરમાં ૭ લાખ રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યુ છે. વન તંત્ર દ્વારા જિલ્લામાં કુલ ૧૨૧૫.૬૬ હેકટર વિસ્તારમાં રોપાઓનુ વાવેતર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જો કે વરસાદના લીધે જિલ્લામાં હરિયાળીને ઘણું નુકશાન પહોંચતા રોપાઓની વાવણી પ્રક્રીયામાં ઝડપ આવી શકી નથી.

ગાંધીનગર ગ્રીન સીટીની ઓળખ ગુમાવી બેઠું હોવાનો ખેદ પ્રકૃતિ પ્રેમીઆમાં પ્રબળ બન્યો છે. ત્યારે નગરને ગ્રીન સીટીમાંથી બેરન સીટી બનતુ અટકાવવા આમ નાગરિકોમાં પણ વધુ જાગૃતતા કેળવાઈ છે. રહીશો ઘરઆંગણે પણ રોપાઓ ઉછેરવામાં રસ દાખવી રહયા છે. જયારે વિકાસના નવા આયામો વચ્ચે નગરની હરિયાળીને રક્ષણ આપવા પણ આમ નાગરિકો જાગૃત બન્યા છે. જો કે વન વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષની જેમ ચાલુ વર્ષ દરમિયાન ઘરે ઘરે રોપાઓનુ વિતરણ કરવામાં બ્રેક લગાવી દેવાતા નગરજનોનો ઉત્સાહ પ્રમાણમાં ઓકરી ગયો છે. બીજીતરફ છેલ્લા પાંચ દિવસ દરમિયાન વરસાદી વાયરાથી સેંકડો વૃક્ષો જમીનદોસ્ત

● અનુસંધાન પાન-૭ પર

## દુઃખદ બેસણું



અમારા સુપુત્ર **ચિ. પંકજભાઈ બળદેવભાઈ ઠાકર** તા. ૨૭/૭/૨૦૧૫ને સોમવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨/૮/૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : બ્રાહ્મણની વાડી, કોલવડા, તા.જી. ગાંધીનગર**

| | |
|---|---|
| પ્રદિપભાઈ બી. ઠાકર (ભાઈ) | ઠાકર બળદેવભાઈ રૂઘનાથરાય |
| યોગેશભાઈ બી. ઠાકર (ભાઈ) | ઋષભ પંકજકુમાર ઠાકર (પુત્ર) |
| કનુભાઈ સી. ઠાકર (ભાઈ) | અંકીતા વિશાલકુમાર રાવલ (પુત્રી-Atu.) |
| પ્રવીણભાઈ સી. ઠાકર (ભાઈ) | |
| દિનેશભાઈ સી. ઠાકર (ભાઈ) | |
| રસીકભાઈ પી. ઠાકર (ભાઈ) | |
| દિલીપભાઈ વી. ઠાકર (ભાઈ) | |
| અશ્વિનભાઈ વી. ઠાકર (ભાઈ) | |

નોંધ : પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
અમૃતલાલ હિરાલાલ રાવલ (જોરણંગ)

# જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ૭ મી ઓગષ્ટે મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં આગામી તા ૭ ઓગષ્ટના રોજ મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવશે.

**શાળાઓમાં મહિલાઓને રોજગારીની તકો અંગે સેમિનાર યોજાશે**

જે અંતર્ગત વિવિધ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા વકતૃત્વ સ્પર્ધા સહિત મહિલાને રોજગારીની તકો વિષય અંગે સેમિનાર યોજવામાં આવશે.

મહિલા શસકિતકરણ અન્વયે શાળાઓમાં મહિલા શિક્ષક દિવસની ઉજવણી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં મહિલાઓ શિક્ષણક્ષેત્રે વધુ જાગૃત થાય તેમજ વિવિધ તબક્કે મહિલાઓને પ્રોત્સાહક બળ મળે તે માટે ગાંધીનગર જિલ્લામાં પણ મહિલા શિક્ષાણ દિવસની ઉજવણીનુ આયોજન કરવામાં આવશે. જિલ્લા શિક્ષણ તંત્રના સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર જિલ્લામાં

● અનુસંધાન પાન-૭ પર




## સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. વલાજી પપાજી વણઝારા**
**સ્વ. તા. ૧/૮/૨૦૦૮**

અધુરા સપના સાકાર કરીએ તમારા, એજ અંજલિ, અધુરા અરમાનો પૂર્ણ કરીએ તમારા, એ જ શોકાંજલિ, અધુરી ઈચ્છા પૂર્ણ કરીએ તમારી, એ જ શ્રદ્ધાંજલિ.
તમારા આત્માની ચિરશાંતિ પ્રાર્થીએ એ જ ભાવાંજલિ
**આંખો હજુ નિહાળે છે, અંતર હજી પોકારે છે,**
**તમારૂ સ્મરણ થાય છે ને હૈયુ ભારે થાય છે...**

**લિ.**
**આપના ઋણાનુરાગી**


| | |
|---|---|
| દશરથભાઈ વી. વણઝારા (પત્રકાર, ગાંધીનગર સમાચાર) | ઈન્દીરાબેન ડી. વણઝારા |
| રમેશભાઈ વી. વણઝારા | સીતાબેન આર. વણઝારા |
| બાબુભાઈ વી. વણઝારા | ભારતીબેન બી. વણઝારા |
| જગદીશભાઈ વી. વણઝારા | ટીનાબેન જે. વણઝારા |

પરલોકવાસી સ્વ. ગંગાબેન વી. વણઝારા
કિંજલ, ખુશ્બુ, યશ, નાગેશ, નિશા, નિલેશ, જયદીપ, રિયા, પ્રથા, નિર્વેશ, સાહીલ તથા સમસ્ત પરિવાર

# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું આજે પરિણામ

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ આવતીકાલે તા. ૧લી ઓગષ્ટના રોજ જાહેર કરવામાં આવશે. વિતરણ કેન્દ્રો પરથી સવારે ૧૧ થી સાંજે ૪ દરમ્યાન મેળવી શકાશે.










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com